ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર હેઠળની કુલ-૦૭(સાત) આઉટસોર્સની જગ્યાઓને તા.૨૮/૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૦૨૦૧૨/૧૩૦૫૧૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૬/૧૨/૨૦૨૦

**વંચાણમાં લીધા:-**

1. વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૫/૨૦૧૯નો ઠરાવ.
2. વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૧૦/૨૦૨૦નો ઠરાવ.
3. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરનો તા:૧૦/૧૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૨૦૨૦/૧૨/વહીવટ/૬૫૮૮-૮૯.

**આમુખ :-**

વંચાણે લીધેલ ક્ર.-૦૧ પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૪/૦૫/૨૦૧૯ના ઠરાવથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર હેઠળની ૦૬ હંગામી તેમજ ૦૫ આઉટસોર્સની એમ કુલ ૧૧ જગ્યાઓ તા.૨૯/૦૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્ર.-૦૨ પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૨૧/૧૦/૨૦૨૦ના ઠરાવથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર હેઠળની કુલ-૦૬(છ) હંગામી જગ્યાઓને તા.૨૮/૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્ર.-૦૩ પરના પત્રથી નિગમ દ્વારા આઉટસોર્સીંગથી ભરવાની થતી ડ્રાઇવરની ૦૨ જગ્યાઓનો સમાવેશ કરી આઉટસોર્સની ૦૭(સાત) જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે નીચે મુજબની કુલ-૦૭ આઉટસોર્સીંગની જગ્યાઓને સામાન્ય વહીવટ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ આઉટસોર્સીંગથી ભરવાની શરતે તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અંગત મદદનીશ | ૧ |
| ૨ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૧ |
| ૩ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧ |
| ૪ | ડ્રાયવર | ૨ |
| ૫ | પટાવાળા | ૨ |
| કુલ | | ૭ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા.૦૬/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. સેકશન અધિકારીશ્રી કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
7. પસંદગી ફાઇલ-૨૦૨૦.